Print Fact Sheet

OWA
OFFICE OF THE WORKER ADVISER

BUREAU DES CONSEILLERS DES TRAVAILLEURS
BCT

# કામ કરતી વખતે ઈજા ?

## Office of the Worker Adviser (કામદાર સલાહકાર ઓફિસ) OWA પાસેથી મદદ મેળવવી

### કામદાર સલાહકાર ઓફિસ (OWA) શું છે ?

કામદાર સલાહકાર ઓફિસ Ontario Ministry of Labour (ઓન્ટારિઓ શ્રમ મંત્રાલય) ની એક સ્વતંત્ર સંસ્થા છે. અમે કાર્ય સ્થળ પરની ઘટના અંગેનાં વીમા વળતર (જે અગાઉ કામદાર વળતર કહેવાતું હતું) બાબતમાં અસંગઠિત ઈજા પામેલ કામદારોનાં અને કામદાર, કે જે વ્યાવસાયિક કામ સંબંધી ઈજા પામવા કે રોગ થવાને લીધે મોત પામેલ હોય. તેનાં ઉત્તરજીવીને વિનામૂલ્ય સેવા આપીએ છીએ. OWA એ Workplace Safety and Insurance Board (વર્કપ્લેસસેફ્ટી અને ઈન્સ્યુરન્સ બોર્ડ) WSIB નો એક ભાગ નથી.

### તમને OWA કેવી રીતે મદદરૂપ થઈ શકે ?

જો તમે ઈજા પામેલ કામદાર હોઅથવા ઉત્તરજીવી તો OWA નીચે પ્રમાણે સેવા આપી શકે છે:

- તમારી અપીલ અંગે તમને WSIB માં અથવા તો Workplace Safety and Insurance Appeals Tribunal (વર્કપ્લેસસેફ્ટી અને ઈન્સ્યુરન્સ અપીલ્સ પંચ) (WSIAT) માં તમારા વતી રજૂઆત,
- તમને સલાહ આપવાની અને સામાન્ય વર્કપ્લેસવીમા સમસ્યાઓ પર લેખિતસામગ્રી પૂરી પાડવી,
- તમને સહાયતા મળી શકે એવા અન્ય સ્થળો વિષે માહિતીઆપવી

સેવા કામદાર અને તેનાં પ્રતિનિધિઓને ઈન્સ્યુરન્સને લગતા વિષયો પર શિક્ષણ સેવા પણ આપે છે.

### શું OWA ની સેવાઓ માટે કોઈ ખર્ચ લેવામાં આવે છે?

ના, OWA તમને વિનામૂલ્ય સેવા આપે છે.

### OWA પાસેથી કોણ મદદ મેળવી શકે ?

ટ્રેડ યુનિયનનાં સભ્ય ન હોય તેવા કામદારને OWA મદદ કરે છે. કાયદા પ્રમાણે OWA યુનિયનનાં સભ્યને મદદ ન કરી શકે.

જો તમે યુનિયનનાં સભ્ય હો તો OWA નીચે મુજબ કાર્ય કરશે :

- તમારા કેસમાં પગલા લેવા માટે જો કોઈ સમયમર્યાદા હશે તો તે વિષેતમને જાણ કરશે,
- તમને તમારા યુનિયન પાસેથી મદદ માટે પુનઃનિર્દેષ કરશે .

### યુનિયનનાં સભ્યકોણ ગણાય?

જો તમે સંઘીય કાર્યસ્થળમાં સોદો કરવામાં એકમ તરીકે યુનિયનનાં સભ્ય હો અનેકાર્યસ્થળ પર ઈજા પામેલ હો તોOWA તમને યુનિયનનાં સભ્યગણે છે.

તમને મદદ કરવા સક્ષમ હશે જો:

- તમે સંઘીય કાર્યસ્થળ પર ઈજા પામેલ હો . પરંતુ હાલઅસંઘીય કાર્યસ્થળ પર કામ કરતા હો,
- તમે સંગઠિત કાર્યસ્થળ પરથી તમે નિવૃત થયા હો, રાજીનામું આપેલ હોય અથવા બીજી કોઈ પણ રીતે નોકરી છોડી હોય,
- જો તમને સંઘીય કાર્યસ્થળ પરથી અસ્થાયી રીતે કાર્યમુક્ત કર્યા હોય અથવા અન્ય રીતે તમે નોકરી ગુમાવી હોય (સિવાય કે તમે તે જ નોકરી પાછી મેળવવા માંગતા હો)
- હાલ તમે સંઘીય કાર્યસ્થળ પર કાર્ય કરી રહ્યા હો. પરંતુ તમારા ઈજા માટેનાં દાવા અંગેની દુર્ઘટનાઅન્ય નિયોક્તાને ત્યાં બનેલ હોય,
- તમે રોજગાર હોલ લીસ્ટ પર હો. પરંતુ છેલ્લા 12 મહિનાથી કામ ન કર્યુ હોય.

Ontario

- તમે સંઘીય કાર્યકરોનાં ઉત્તરજીવી હો, જે કાર્યસ્થળ પર ઈજા અથવા રોગ થવાને કારણે મૃત્યુ પામેલ હોય. પણ યુનિયન તમને આગળ મદદ ન કરી શકે તેમ હોય.

**તમે OWA પાસેથી કેવી રીતે મદદ મેળવી શકો છો ?**

ફોન પર સલાહ-સૂચન આપી શકે તેવી કોઈ વ્યકિત સાથે વાત કરવા તમે અમારા કેનેડા વ્યાપી મફ્ત ટોલ ફ્રી લાઈન અંગ્રેજી ભાષી સેવા માટે **1-800-435-8980** પર અથવા ફ્રેંચ ભાષી સેવા માટે **1-800-661-6365** લાઈન પર સંપર્કકરી શકો છો. તમારી સૌથી નજીકની OWA ની ઓફિસમાં સેવા પ્રાપ્ય હશે તો આપમેળે તે ઓફિસ સાથે સંપર્કથઈ જશે. તમે જ્યારે સંપર્ક કરો ત્યારે તમારી પાસે નીચે મુજબની માહિતી તૈયાર હોવી જોઈએ:

- તમારો WSIB ક્લેઈમ નંબર અથવા WSIAT અપીલ નંબર,
- તમારા અકસ્માતની તારીખ,
- તમારી ઈજાનો પ્રકાર,
- તમારી ઈજા પામવાનાં સમયનાં તમારા નિયોક્તાનું નામ,
- WSIB નાં નિર્ણય (નિર્ણયો) અથવા પત્ર (પત્રો) જેના માટે તમે સાધી રહ્યા છો.

**OWA અપીલ માટે તમારા વતી ક્યારે રજુઆત કરશે?**

OWA તમને WSIB પરથી અપીલ માટે અને WSIAT પર અપીલ માટેનાં અંતિમ સ્તર સુધી રજૂ કરી શકે છે. તમને રજૂ કરવાની અમારી કાર્યક્ક્ષમતા અમારી સાધનકશમતા પર અને તમારા સમસ્યાનાં પ્રકાર પર આધારિત છે. અમે તમને રજૂ કરીએ કે ન કરીએ, OWA કર્મચારી તમને સમય મર્યાદા જાણ કરવામાં તમને મદદ કરશે. જેને તમારે કોઈ પણ સંજોગોમાં પાલન કરવાની હોય છે. અમે તમને તમારા અપીલ અંગેનાં અધિકારોનાં રક્ષણ અર્થે WSIB અથવા WSIAT પર પત્ર ફાઈલ કરવા માટે પણ મદદ કરીશું.

**શું OWA અંગ્રેજી અને ફ્રેંચ સિવાય બીજી કોઈ ભાષા માટે પણ મદદ કરે છે?**

OWA ફકત અંગ્રેજી અને ફ્રેંચ ભાષામાં જ સેવા આવે છે. અમારી અમુક ઓફિસો અન્ય ભાષાઓમાં પણ સેવા આપી શકે છે. પરંતુ, તેમાં અમારી ક્ષમતા ઓછી છે.

એટલે જો તમને અંગ્રેજી અને ફ્રેંચ ન આવડતી હોય તો એ અગત્યનુંછે કે તમે અંગ્રેજી અને ફ્રેંચ બોલી શકે તેવી વ્યકિતની મદદ તમે જયારે OWAને ફોન કરો ત્યારે મેળવી લો. જો OWA તમને સુનાવણીમાં મદદ કરવાનું નક્કી કરે તો એક નિષ્ણાત દુભાષિયાની સેવાની તે વ્યવસ્થા કરી શકશે.

## અગત્યની માહિતી

WSIB નાં નિર્ણય સામે અપીલ કરવા માટે સમયમર્યાદા હોય છે. જો તમે નિર્ણય સામે અપીલ કરવા ઈચ્છતા હો. તો ઝડપથી નિપુણ પ્રતિનિધિનો સંપર્ક કરો. સમય મર્યાદાની વધુ માહિતી માટે જુઓ OWA હકીકત પત્ર "Appealing to WSIB" ("WSIB ને અપીલ કેવી રીતે કરવી") અને "Appealing to WSIAT" ("WSIAT નેઅપીલ કેવી રીતે કરવી").

**આ હકીકત પત્રમાં માત્ર સામાન્ય માહિતીનો જ સમાવેશ થાય છે. આ કાયદાકીય દસ્તાવેજ નથી. કાયદો શું કહે છે તે જાણવા માટે તમારે વર્કપ્લેસ સેફ્ટી એન્ડ ઈન્સ્યુરન્સ અધિનિયિમ અને WSIB ની નીતિઓ જોવી જોઈએ. જો તમને મદદની જરૂર હોય અને તમને સહકાર આપનાર કોઈ યુનિયન ન હોય તો વર્કર એડવાઈઝરની ઓફિસ સાથે સંપર્ક સાધવો :**

- અમારો ટોલ ફ્રી નંબર 1-800-435-8980 (અંગ્રેજી) અથવા 1-800-661-6365 (ફ્રેંચ)
- અથવા તો અમારી વેબસાઈટ http://www.owa.gov.on.ca ની મુલાકાત લો.

*આ માહિતીપત્ર અંગ્રેજી અને ફ્રેંચ ભાષામાં પણ ઉપલબ્ધ છે.*

Ontario